**ક્રિમીનલ કેસ નં.૨૪/૨૦૨૬ તથા સેવાલીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૪૦૬૭૨૫૦ ૧૭૨/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૩૧૬(૪), ૫૪, ૩૩૬,(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨)(એ) મુજબના ગુનાના કામે આરોપી દિલીપકુમાર રણવીરસિંહ સોલંકીનાઓની જામીન અરજી લગત હુકમ**

..........................................................................................

(૧) સદર જામીન અરજી વંચાણે લીધી. આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તથા સાથેના સાધનિક કાગળો વંચાણે લીધા. આરોપીના વિ.વ.શ્રીની જામીન અરજી અન્વયે દલીલ છે કે, તેઓ આરોપી નિર્દોષ છે. કહેવાતો ગુનો કરેલ નથી. સદર કામે તપાસ પૂર્ણ થઈ ગયેલ છે. તા.૦૩/૧૨/૨૦૨૨ થી તા.૨૦/૧૧/૨૦૨૪ સુધી સમયગાળા દરમિયાન કંપનીના લોન ધારકોની અગાઉ લોન મંજુર થયેલ હોય તે ડોક્યુમેન્ટનો ઉપયોગ કરી રી–લોન મંજુર કરી કરાવડાવી લોન ધારકોને વિશ્વાસમાં લઈ તેઓના બેંકના ખાતાઓમાંથી કુલ રૂ.૭૩,૯૩,૩૪૨/– ની રકમ ઉપડાવી તેમજ ઉપાડી લઈ મુથુટ માઇક્રો ફીન લીમીટેડના નાણા પોતાના ફાયદા સારૂ પોતાના અંગત કામમાં વાપરી એક બીજાએ મેળાપીપળા કરી કાયમી ઉચાપત કરી શકે તે શકય નથી. આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ નથી તેમજ આરોપી જામીનની શરતો પાલન કરવા રાજી છે. આરોપીઓ કુટુંબ કબીલાવાળા માણસ છે. આથી આરોપીને જામીન પર છોડવા અરજ ગુજારેલ છે.

(૨) સદર જામીન અરજી અન્વયે વિ.એ.પી.પી.શ્રી/ત.ક.અમલદારની દલીલ સાંભળી. તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આરોપીએ કરેલ ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તથા સંજોગો જોતા હાલની જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૩) બન્ને પક્ષની દલીલો સાંભળી. આ કામના આરોપી સામે બી.એન.એસ.ની કલમ– ૩૧૬(૪), ૫૪, ૩૩૬,(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨)(એ) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે, જે ગુનાની ૭ વર્ષ સુધીની સજા અને દંડની જોગવાઈ છે તેમજ રેકર્ડ ઉપરની હકીકત જોતા આરોપીએ તેઓની નોકરીની ફરજ દરમ્યાન રૂ.૭૩,૯૩,૩૪૨/– જેટલી મોટી અને માતબર રકમની ઉચાપત કરેલ છે. જો આવા ગુનામાં આરોપીને જામીન પર છોડવામાં આવે તો તેની સમાજ ઉપર

વિપરીત અસર થાય તેમ છે. વધુમાં સદર ગુનાના કામે આરોપી વિરુધ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ થઈ ગયેલ છે. ચાર્જશીટ ફાઈલ થયા પહેલા પણ સદર આરોપીની જામીન અરજી લગત અત્રેની અદાલતે આરોપીના જામીન નામંજુર કરેલ હતા. વધુમાં આ કામે ચાર્જશીટ અદાલતમાં રજુ થઈ ગયેલ છે અને ચાર્જશીટ ફાઈલ થયા બાદ સદર કેસની હકીકતો અને સંજોગો બદલાયા હોય તેમ જણાતુ ન હોય, જેથી ચાર્જશીટ ફાઈલ થવા માત્રથી આરોપી જામીન ઉપર મુકત થવા માટે હકકદાર બની જતા નથી. વધુમાં આરોપીને જામીન મુકત કરવામાં આવે તો આરોપી સજાની બીકે ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તેવી શકયતા નકારી શકાય તેમ નથી, જેથી આથી આરોપીની તરફેણમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ ની સત્તા વાપરવી ન્યોયોચિત જણાતુ ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

– હાલની જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૬
સેવાલીયા

(ડી.જી.વાઘેલા)
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ, સેવાલીયા
જી.જે.૦૧૪૪૪